માદુરોએ ધરપકડ વખતે પહેરેલો ટ્રેક સૂટ ફેશન આકર્ષણ બની ગયો!

ન્યૂયોર્ક, તા. પ: અમેરિકાએ હુમલો કરીને જેમને પકડી લીધા છે તે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરોનો ધરપકડ સમયનો ફોટો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોશ્યલ મીડિયા પર મૂક્યો હતો. તે ફોટામાં માદુરો ગ્રે રંગનો નાઇક ટ્રેક સૂટ પહેરેલા દેખાય છે, જેમના હાથ હથકડીથી બાંધેલા છે અને હાથમાં પાણીની બોટલ છે તથા આંખે કાળુ બ્લાઇન્ડ ફોલ્ડ છે. આ ફોટો વાઇરલ થવાની સાથે માદુરોએ પહેરેલો નાઇક કંપનીનો ટ્રેક સૂટ એક ફેશન ચર્ચા બની ગયો હોવાનું કહેવાય છે. માદુરોનો આ ફોટો વાયરલ થયા બાદ આવા સૂટ ધડાધડ વેચાયા હોવાનું કહેવાય છે. ઇન્ટરનેટ પર જો કે મિશ્ર પ્રતિભાવો હતા. કેટલાક માદુરોના પોષાક અંગે મજાક કરી રહ્યા હતા અને તેને પરફેક્ટ હેલોવીન સૂટ ગણાવતા હતા તો કેટલાક નાઇકના ટ્રેક સૂટ અંગે ગૂગલ પર સર્ચ કરી રહ્યા હતા. સૂટ માટે સોલ્ડ આઉટના દાવા છતાં નાઇકની વેબસાઇટ પર જેકેટ અને પેન્ટ અનુક્રમે ૧૪૦ અને ૧૨૦ ડોલરની કિંમતે ઉપલબ્ધ હતા.

દીપિકા પાદુકોણે પોતાના જન્મદિવસ પર ચાહકો પર ગિફ્ટ્સનો વરસાદ કર્યો



મુંબઈ, તા. 5: દીપિકા પાદુકોણ સોમવારે 40 વર્ષની થઈ ગઈ. તે હાલમાં તેના પરિવાર સાથે ન્યૂયોર્કમાં વેકેશન માણી રહી છે, જ્યાં તેણે નવું વર્ષ અને પોતાનો જન્મદિવસ બંને ઉજવ્યા હતા. તે પહેલાં તેણે મુંબઈમાં તેના ચાહકો સાથે એક ખાસ મુલાકાત કરી હતી, જેની તસવીરો અને વીડિયો હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે.

પ્રતિબંધ છતાં પાકિસ્તાનમાં 'ધુરંધર'નો ક્રેઝ, 'શરારત' ગીત પર જોરદાર ડાન્સ



મુંબઈ, તા. 5: ફિલ્મ 'ધુરંધર'એ ભારતીય બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી છે. એક મહિના પછી પણ તે હજી પણ જોરદાર કમાણી કરી રહી છે. તેનાં ગીતો પણ વાયરલ થયાં છે. 'FA9LA'થી લઈને 'શરારત' સુધીની દરેક વસ્તુ પર રીલ્સ બની રહી છે. રસપ્રદ વાત એ છે કે, આ ફિલ્મનો ક્રેઝ ફક્ત ભારતમાં જ નહીં, પરંતુ પાકિસ્તાનમાં પણ જોવા મળી રહ્યો છે.

નિકોલસ માદુરો સત્ય સાઈ બાબાના પરમ ભક્ત છે

પત્નીએ સાઇબાબાનો પરિચય કરાવ્યો હતો, ૨૦૦૫માં સજોડે ભારત આવ્યા હતા

વેનેઝુએલાના કાર્યકારી પ્રમુખ ડેલ્સી રોડ્રીગ્સ પણ સત્ય સાઇ બાબામાં આસ્થા ધરાવે છે

નવી દિલ્હી, તા. પ: વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસ જેમને તાજેતરમાં પકડી લેવામાં આવ્યા છે અને અમેરિકા લઇ જવાયા છે તેઓ ભારત સાથે એક ઓછી જાણીતો આધ્યાત્મિક સંબંધ ધરાવે છે.

વૈશ્વિક પ્રતિબંધો અને રાજકીય વિવાદોના ઘણા સમય પહેલા, આ દંપતી પ્રખ્યાત ભારતીય આધ્યાત્મિક નેતા સત્ય સાઈ બાબાના અનુયાયી બન્યા હતા. મૂળ કેથોલિક પરિવારમાં જન્મેલા માદુરોને તેમના લગ્ન પહેલાં ફ્લોરેસ દ્વારા સાઈ બાબાનો પરિચય કરાવવામાં આવ્યો હતો. ૨૦૦૫માં, આ દંપતીએ ગુરુ સાથે ખાનગી મુલાકાત માટે આંધ્રપ્રદેશના પુટ્ટપર્થીમાં આવેલ પ્રશાંતિ નિલયમ આશ્રમની મુલાકાત લીધી હતી. તે મુલાકાતના ફોટામાં યુવાન દંપતી સાઈ બાબાની બાજુમાં બેઠેલું જોવા મળે છે. વર્ષો જતાં, માદુરોએ જાહેરમાં તેમની ભક્તિ દર્શાવી હતી; તેમની ખાનગી ઓફિસમાં સાયમન બોલિવર અને હ્યુગો ચાવેઝની તસવીરોની સાથે સાઈ બાબાનું ચિત્ર પણ લટકતું હતું.

૨૦૧૧માં સાઈ બાબાના નિધન પછી, માદુરોએ, જેઓ તે સમયે વેનેઝુએલાના વિદેશ મંત્રી તરીકે સેવા આપતા હતા આ આધ્યાત્મિક નેતાનું સત્તાવાર સન્માન કરવાના પ્રયાસોની આગેવાની લીધી હતી. વેનેઝુએલાની નેશનલ એસેમ્બલીએ શોક પ્રસ્તાવ પસાર કર્યો અને સાઈ બાબાના માનવતા માટેના આધ્યાત્મિક યોગદાનને સ્વીકારવા માટે રાષ્ટ્રીય શોકનો દિવસ જાહેર કર્યો હતો. સત્ય સાઈ સંગઠન વેનેઝુએલામાં સતત કાર્યરત છે, જે ૧૯૭૪ થી લેટિન અમેરિકાના સૌથી મોટા સાઈ ભક્ત સમુદાયોમાંનું એક છે. હાલમાં તેમની ધરપકડના થોડા મહિના પહેલા જ, માદુરોએ સાઈ બાબાની જન્મશતાબ્દી નિમિત્તે શ્રદ્ધાંજલિ આપી હતી અને સત્તાવાર નિવેદનમાં તેમને પ્રકાશનો પુંજ ગણાવ્યા હતા. આ જ રીતે વેનેઝુએલાના હાલના કાર્યકારી પ્રમુખ ડેલ્સી રોડ્રિગ્સ પણ સાઈબાબાના ભક્તાણી છે અને તાજેતરના વર્ષોમાં બે વખત આંધ્રપ્રદેશમાં સાઈ આશ્રમની મુલાકાતે આવી ગયા છે.

બરફની અજાયબી: ચીનના હાર્બિનમાં ભવ્ય 'વિન્ટર ફેસ્ટિવલ'નો પ્રારંભ

બરફનું રેલવે એન્જિન અને વિશાળ કિલ્લાઓ આકર્ષણનું કેન્દ્ર, રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠ્યું શહેર

ચીનના ઉત્તર પૂર્વીય હેલોંગજીયાન પ્રાંતના હાર્બીન શહેરમાં દર શિયાળામાં હાર્બીન વિન્ટર ફેસ્ટિવલ ઉજવાય છે જેમાં બરફ વડે બનાવાયેલી જાત જાતની કૃતિઓ ભારે આકર્ષણ જમાવે છે. આ વખતે પણ આ શિયાળુ ઉત્સવ હાર્બિનમાં શરૂ થઇ ગયો છે. બરફ વડે બનાવાયેલું રેલવે સ્ટીમ એન્જિન, વિશાળ કિલ્લા જેવી રચના, બીજા જાત જાતના શિલ્પો આકર્ષણ જમાવે છે. રાત્રે રંગબેરંગી રોશની કરવામાં આવે ત્યારે તો ખૂબ અદભૂત દ્રશ્ય સર્જાય છે.

જાપાનમાં રેકોર્ડબ્રેક હરાજી: એક માછલી રૂ. 32 કરોડમાં વેચાઈ!

2019ના 333.6 મિલિયન યેનના રેકોર્ડને તોડ્યો

માછલીનું વજન: 243 કિલોગ્રામ (આશરે રૂ. ૧૩.૧૭ લાખ પ્રતિ કિલો!)

ટોક્યોના તોયોસુ ફિશ માર્કેટમાં નવા વર્ષની પ્રથમ હરાજીમાં એક જાપાનીઝ સુશી રેસ્ટોરન્ટે એક સિંગલ બ્લુફિન ટ્યુના માછલી માટે 510 મિલિયન યેન (3.24 મિલિયન ડોલર) (આશરે રૂ. 32 કરોડ)ની બોલી લગાવી હતી, જે અત્યાર સુધીની સૌથી વધુ કિંમત છે. 243 કિલોગ્રામ વજન ધરાવતી આ બ્લુફિન ટ્યુના માછલી વર્ષ 2026ની પ્રથમ હરાજીમાં રેકોર્ડબ્રેક કિંમતે વેચાઈ હતી. આ કિંમતી માછલી ટોક્યો સ્થિત લોકપ્રિય સુશી રેસ્ટોરન્ટ ચેઈન 'સુશીઝાનમાઈ' ના ઓપરેટર કિયોમુરા કોર્પોરેશન દ્વારા ખરીદવામાં આવી હતી.

કિયોમુરાના પ્રમુખ કિયોશી કિમુરાએ જાપાનના પ્રથમ મહિલા વડાપ્રધાન સાનાએ તાકાઈચીની ચાર મહિના જૂની સરકારનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે, "મને આશા છે કે આ વર્ષે અર્થવ્યવસ્થામાં સુધારો થશે. તાકાઈચી પ્રશાસને 'કામ, કામ અને કામ' કરવાનું વચન આપ્યું છે, તેથી સુશીઝાનમાઈ પણ સખત કામ કરશે. મને આશા છે કે આ બોલી દરેકનો ઉત્સાહ વધારશે."

જર્મનીમાં થીજી ગયેલી નહેર બની કુદરતી 'સ્કેટિંગ રિંક'

જર્મનીના મ્યુનિકમાં આવેલા નિમ્ફેનબર્ગ પેલેસ સામે થીજી ગયેલી નિમ્ફેનબર્ગ નહેર પર લોકો સ્કેટિંગ કરી રહ્યા છે.

ISROની સફળતા: ભારતના પ્રથમ 'ડસ્ટ ડિટેક્ટર' સાધને અવકાશી ધૂળ શોધી કાઢી

ડસ્ટ એક્સપેરિમેન્ટ (DEX) એ સ્વદેશી બનાવટનું સાધન છે જને ગયા વર્ષે PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ (POEM) સાથે અવકાશમાં મોકલવામાં આવ્યું હતું

આ સાધને શોધી કાઢ્યું છે કે દર હજાર સેકન્ડે એક અવકાશી સૂક્ષ્મ ટુકડો પૃથ્વી પર ત્રાટકે છે

બેંગલુરુ, 5 જાન્યુઆરી (PTI): ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ISRO) એ સોમવારે જણાવ્યું હતું કે, ભારતમાં બનેલા તેના પ્રથમ 'ડસ્ટ ડિટેક્ટર' ઉપકરણે આંતરગ્રહીય ધૂળના રજકણો (Interplanetary Dust Particles - IDP) શોધી કાઢ્યા છે. આ બ્રહ્માંડી આક્રમણકારી કણો પૃથ્વી પર દર હજાર સેકન્ડે ત્રાટકે છે.



ડસ્ટ એક્સપેરિમેન્ટ (DEX) એ ભારતનું આ પ્રકારનું પ્રથમ સ્વદેશી સાધન છે, જેને ગયા વર્ષે PSLV ઓર્બિટલ એક્સપેરિમેન્ટલ મોડ્યુલ (POEM) પર અવકાશમાં મોકલવામાં આવ્યું હતું. ઈસરો અનુસાર, આંતરગ્રહીય ધૂળના રજકણો (IDPs) એ ધૂમકેતુઓ અને લઘુગ્રહોના સૂક્ષ્મ ટુકડાઓ છે જે આપણા વાતાવરણના રહસ્યમય ઉલ્કા સ્તર (Meteor Layer) ની રચના કરે છે. રાત્રિના આકાશમાં તે ખરતા તારા (Shooting Star) તરીકે દેખાય છે. DEX ને અમદાવાદ સ્થિત ઈસરોની ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી (PRL) દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ સાધન હાઈ-સ્પીડ IDPsને શોધવા અને તેમની અથડામણનો અવાજ સાંભળવા માટે બનાવવામાં આવ્યું છે. આ ડેટા બ્રહ્માંડની સમજને વધુ સ્પષ્ટ કરશે અને ભવિષ્યના માનવ સંચાલિત ઊંડા અવકાશ મિશનો (Deep-space missions) માટે સુરક્ષિત માર્ગ તૈયાર કરવામાં મદદ કરશે. ઈસરોના નિવેદન અનુસાર, 140 ડિગ્રી વ્યુ ધરાવતા આ ડિટેક્ટરે 1 જાન્યુઆરી, 2024 થી 9 ફેબ્રુઆરી, 2024 દરમિયાન અવકાશી કાટમાળ (ધૂળ) ના અથડામણના સંકેતો સફળતાપૂર્વક નોંધ્યા છે. પૃથ્વીના વાતાવરણમાં 9.5 ડિગ્રીના ઝુકાવ (Inclination) પર કામ કરતા આ ડિટેક્ટરે અનેક 'હિટ્સ' નોંધી છે, જે દર્શાવે છે કે દર હજાર સેકન્ડે એક બ્રહ્માંડી કણ પૃથ્વી પર ત્રાટકે છે.

અમેરિકામાં ભારતીય યુવતીની કરપીણ હત્યા

લાસ વેગાસ/ન્યૂયોર્ક, તા. પ: અમેરિકાના મેરીલેન્ડમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાથી ગુમ થયેલી એક 27 વર્ષીય ભારતીય મહિલા તેના ભૂતપૂર્વ બોયફ્રેન્ડના એપાર્ટમેન્ટમાંથી છરીના ઘા ઝીંકાયેલી હાલતમાં મૃત મળી આવી હોવાનું પોલીસે જણાવ્યું છે. હોવર્ડ કાઉન્ટી પોલીસે જણાવ્યું કે, મૃતકની ઓળખ એલિકોટ સિટીના રહેવાસી અને ડેટા એન્ડ સ્ટ્રેટેજી એનાલિસ્ટ તરીકે કામ કરતી નિકિતા ગોદિશાલા તરીકે થઈ છે. તેનો મૃતદેહ તેના ભૂતપૂર્વ પ્રેમી 26 વર્ષીય અર્જુન શર્માના એપાર્ટમેન્ટમાંથી મળી આવ્યો હતો. તપાસકર્તાઓએ અર્જુન શર્મા વિરુદ્ધ ફર્સ્ટ અને સેકન્ડ-ડિગ્રી મર્ડરનો ગુનો નોંધી ધરપકડ વોરંટ મેળવ્યું છે. તપાસકર્તાઓના જણાવ્યા અનુસાર, શર્માએ પોતે જ 2 જાન્યુઆરીએ પોલીસને નિકિતા ગુમ થયાની જાણ કરી હતી અને અધિકારીઓને જણાવ્યું હતું કે તેણે નિકિતાને છેલ્લે 31 ડિસેમ્બરે મેરીલેન્ડ સ્થિત તેના એપાર્ટમેન્ટમાં જોઈ હતી. 3 જાન્યુઆરીના રોજ, ડિટેક્ટિવોએ તે જ એપાર્ટમેન્ટમાં સર્ચ વોરંટ સાથે તપાસ હાથ ધરી હતી, જ્યાં નિકિતા ગોદિશાલાનો મૃતદેહ મળી આવ્યો હતો.

ખામેનેઈનો 'રશિયા ભાગવાનો પ્લાન'

ઈરાનમાં ભડકો: ટ્રમ્પની 'જોરદાર પ્રહાર'ની ધમકી

જો પોતાના સુરક્ષા દળો બળવો કરે કે તોફાનો ડામવામાં નિષ્ફળ જાય તો રશિયા ભાગી જવાની ખામેનેઇની યોજના તૈયાર હોવાના અહેવાલો

પ્રદર્શનોમાં અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોત અને ૨૨૦ થી વધુ શહેરો પ્રભાવિત

વૉશિંગ્ટન, તેહરાન, તા. પ: ઈરાનમાં બીજા અઠવાડિયામાં પ્રવેશેલા વિરોધ પ્રદર્શનો પર જો સત્તાવાળાઓ કડક કાર્યવાહી ચાલુ રાખશે, તો અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન પર 'ખૂબ જ જોરદાર' પ્રહાર કરવાની ધમકી આપી છે.

રાજધાની તેહરાનથી શરૂ થયેલા આ વિરોધ પ્રદર્શનો હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગયા છે, જેમાં અત્યાર સુધીમાં ઈરાની સુરક્ષા દળોના ઓછામાં ઓછા એક સભ્ય સહિત કુલ 20 લોકોનાં મોત થયા છે. આજ સવાર સુધીમાં, ઈરાનના 31 માંથી 26 પ્રાંતોના 220 થી વધુ નગરો અને શહેરોમાં દેખાવો થયા હોવાનું કહેવાય છે - જેના પરિણામે લગભગ 1,000 લોકોની ધરપકડ કરવામાં આવી છે. ગઈકાલે રાત્રે ટ્રમ્પે કહ્યું હતું કે જો હજુ વધુ પ્રદર્શનકારીઓના મોત થશે તો તેઓ કાર્યવાહી કરશે. એરફોર્સ વન પર પ્રવાસ દરમ્યાન વાત કરતા તેમણે વધુ વિગતો આપ્યા વગર કહ્યું: અમે સ્થિતિ પર બારીક નજર રાખી રહ્યા છીએ. જો તેઓ ભૂતકાળની જેમ લોકોને મારવાનું શરૂ કરશે, તો મને લાગે છે કે અમેરિકા દ્વારા તેમના પર ખૂબ જ જોરદાર પ્રહાર કરવામાં આવશે. આ ધમકીએ ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈને વધુ ડરાવ્યા હોઈ શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે જો તેમના સુરક્ષા દળો આ વધી રહેલા વિરોધને દબાવવામાં નિષ્ફળ જશે, તો તેમની પાસે રશિયા ભાગી જવા માટેનો 'બેક-અપ પ્લાન' તૈયાર છે.

बैंक ऑफ़ बड़ौदा
Bank of Baroda

જીએનએફસી કોમ્પલેક્ષ શાખા : જીઆઈડીસી, મીપકો ચોકડી નજીક, પો.નર્મદાનગર,જી. ભરૂચ પીન –૩૯૨૦૧૫ ગુજરાત
ફોન.:૯૧ ૦૨૬૪૨ ૨૪૬૯૦૦ email ID : gnfcom@bankofbaroda.com

પરિશિષ્ટ – I – મુક્તિ સૂચના
સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6(2) અને/અથવા નિયમ 8(6) હેઠળ સૂચના

પ્રતિ : **૧. શ્રીમતી નીતાબેન પંડ્યા (દેવાદાર અને ગીરવેદાર) અને**
૨. શ્રી દિપકકુમાર પી. પંડ્યા (દેવાદાર અને ગીરવેદાર)
ફ્લેટ નં. ૧૦૭, બિલ્ડીંગ નં. ૧, વ્રજ, વૈકુઠ મેગા ટાઉનશીપ, કે જે પોલીટેકનીક, ભરૂચ, ગુજરાત– ૩૯૨૦૦૧

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 (SARFAESI એક્ટ, 2002) ના સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 ના નિયમ 6(2) અને/અથવા નિયમ 8(6) હેઠળ નોટિસ.

સંદર્ભ :-
૧. સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૨) હેઠળ **૨૧.૦૪.૨૦૨૫** તારીખે જારી કરાયેલ માંગણા નોટિસ.
૨. સરફેસી એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ (૪) હેઠળ **૦૮.૦૭.૨૦૨૫** તારીખે જારી કરાયેલ કબજા નોટિસ.

પ્રિય સાહેબ/મેડમ,
આથી **બેંક ઓફ બરોડા, જીએનએફસી કોમ્પલેક્ષ શાખા : નર્મદાનગર, જીઆઈડીસી, મીપકો ચોકડી નજીક,** ના અધિકૃત અધિકારીએ સિક્યોર્ડ કેડિટર બેંક તરીકે, SARFAESI એક્ટ 2002 (હવે "અધિનિયમ" તરીકે સંદર્ભિત) ની કલમ 13(2) હેઠળ મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને નીચે સહી કરનારે સુરક્ષિત સંપત્તિઓનો કબજો (હવે ઉપરોક્ત મિલકતો તરીકે ઓળખવામાં આવે છે) સંભાળી લીધો છે, જેનું વર્ણન નીચે આપેલા શેડ્યૂલમાં વધુ વિગતવાર કરવામાં આવ્યું છે. **૦૮.૦૭.૨૦૨૫** તારીખની કબજા નોટીસની નકલ અહિ સંદર્ભ માટે અહીં જોડાયેલ છે
સુરક્ષિત સંપત્તિનો કબજો લીધા પછી પણ, તમે ઉપરોક્ત કબજા સૂચનામાં ઉલ્લેખિત બેંકને બાકી રકમ ચૂકવી નથી. સુરક્ષિત સંપત્તિઓને રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં SARFAESI એક્ટ, 2002 ની કલમ 13 ની પેટા-કલમ(૪) ની જોગવાઈઓ તરફ તમારું ધ્યાન આકર્ષિત કરવામાં આવે છે.
તેથી આપ સૌને વિનંતી છે કે આ નોટિસ મળ્યાના 30 દિવસની અંદર કબજા નોટિસમાં દર્શાવેલ બાકી રકમ, લાગુ વ્યાજ, ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ ચૂકવી દો અને નીચે દર્શાવેલ સુરક્ષિત સંપત્તિ રિડીમ કરો. જો તમે ઉપરોક્ત બાકી રકમ ચૂકવવામાં નિષ્ફળ જાઓ અને આ નોટિસ મળ્યાના 30 દિવસની અંદર સુરક્ષિત સંપત્તિ રિડીમ કરો, તો બેંક ઈ-હરાજી વેચાણ નોટિસ પ્રકાશિત કરીને જાહેર ઈ-હરાજી દ્વારા સુરક્ષિત સંપત્તિ વેચવા માટે મજબૂર રહેશે. ઈ-હરાજી તારીખ, સમય અને મિલકતની અનામત કિંમત તમને અલગથી જાણ કરવામાં આવશે.

સુરક્ષીત કરેલ એસેટસ/ મિલકતો

અ. નં.	સ્થાવી/ અસ્થાયી મિલકતનું વર્ણન	કબજાની તારીખ	કબજાનો પ્રકાર સાંકેતિક /પ્રત્યક્ષ	કબજા નોટીસ પ્રસિદ્ધ કર્યાની તારીખ (કબ્જા સ્થાયી મિલકત માટે)
૧.	રહેણાંકની મિલકત રે.સ.નં.૬/૧ પૈકી અને ૭ પૈકી જેનું અંદાજે માપ ૭૧૨૦.૭૬ ચો.મી. (૭૬૬૧૯.૦૦ ચો.ફુટ) જમીન પૈકી ઉપર એકઆર સન્સ દ્વારા વૈકુંઠ મેગા એપાર્ટમેન્ટ સંકુલ ના આયોજન પૈકી બિલ્ડીંગ નં.૧, વ્રજ પૈકી ૧લા માળનો ફ્લેટ નં.૧૦૭ જે મિલકતનું અંદાજે માપ ૯૭.૫૮ ચો.મી. સુપર બિલ્ટઅપ માપ ૧૦૫૦.૦૦ ચો.ફુટ,મિલકતનો સુપર ૯૨૫.૦૦ ચો.મીટર, જેની જમીનના વણવર્લેંચાયેલ હિસ્સા સહિત ગામ : ભોલાવની હદમાં, સબ ડીસ્ટ્રીકટ ભરૂચ, જીલ્લો : ભરૂચ ખાતે શ્રીમતી નીતાબેન પંડ્યા અને શ્રી દિપકકુમાર પી. પંડ્યાની માલિકીનો આવેલ છે. જેની ચતુર્દિશા : (૨૦૧૯ ની વેચાણ ડીડ ૪૨૬૬ મુજબ) : **પૂર્વ તરફ** : આ બિલ્ડીંગનો ફ્લેટ નં.૧૦૬, **પશ્ચિમ તરફ** : આ સંકુલની હદ, **ઉત્તર તરફ** : આ બિલ્ડીંગનો ફ્લેટ નં.૧૦૮ આવેલ છે.	૦૮.૦૭.૨૦૨૫	પ્રત્યક્ષ	૧૦.૦૭.૨૦૨૫

તા : ૦૫.૦૧.૨૦૨૬, સ્થળ : સુરત અધિકૃત અધિકારી બેંક ઓફ બરોડા, જીએનએફસી કોમ્પલેક્ષ શાખા.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સના ઘરે તોડફોડ

હથોડી સાથે એક શખ્સની ધરપકડ

સિનસિનાટી (યુએસ), તા. 5 (એપી): યુએસ સીક્રેટ સર્વિસે જણાવ્યું હતું કે, વાઇસ પ્રેસિડેન્ટ જેડી વાન્સના ઓહિયો સ્થિત ઘરની બારીઓ તોડીને અન્ય સંપત્તિને નુકસાન પહોંચાડનાર એક વ્યક્તિની સોમવારે વહેલી સવારે ધરપકડ કરવામાં આવી હતી.

એજન્સીના પ્રવક્તા એન્થોની ગુગ્લિએલ્મીએ એસોસિએટેડ પ્રેસને

ઈમેઈલ કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે, તે વ્યક્તિને મધ્યરાત્રિ પછી તરત જ સિનસિનાટીના ડાઉનટાઉનથી પૂર્વમાં સ્થિત વાન્સના ઘરે તૈનાત સીક્રેટ સર્વિસ એજન્ટોએ ધરપકડ કરી હતી. તેનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.

તપાસ અંગે વાત કરવા માટે જાહેરમાં અધિકૃત ન હોય તેવા બે કાયદા અમલીકરણ અધિકારીઓએ નામ ન છાપવાની શરતે જણાવ્યું હતું કે, સીક્રેટ સર્વિસે મધ્યરાત્રિની આસપાસ ઘરમાં જોરદાર અવાજ સાંભળ્યો અને એક વ્યક્તિ મળી આવી જેણે હથોડીથી ઘરની બારી તોડી હતી અને ઘરમાં ઘૂસવાનો પ્રયાસ કરી રહી હતી.

માદુરોના ડાન્સે ટ્રમ્પને વેનેઝુએલા પર હુમલો કરવા ઉશ્કેર્યું?

ટ્રમ્પની હાંસી ઉડાડવાનું માદુરોને ભારી પડ્યું?

ન્યૂયોર્ક, તા. પ: કેટલાક સૂત્રોએ એવો દાવો કર્યો છે કે વેનેઝુએલાના પ્રમુખ ડાન્સ કરી રહ્યા હોય અને ગાઇ રહ્યા હોય તે બાબતે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ટીમને વેનેઝુએલા પર હુમલો કરવા માટે ઉશ્કેરી હતી.

સૂત્રોના જણાવ્યા અનુસાર, વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોએ તાજેતરના અઠવાડિયામાં

જે રીતે ડાન્સ કર્યો અને બેદરકારી દાખવી તેને અમેરિકાએ પોતાની મજાક સમજી હતી, જેનાથી પ્રેસિડેન્ટ ટ્રમ્પની ટીમ એક્શનમાં આવી ગઈ હતી.

'ધ ન્યૂયોર્ક ટાઈમ્સ'ના અહેવાલ મુજબ, માદુરોનું આ ઉદ્ધત વર્તન ટ્રમ્પ વહીવટીતંત્રને પડકારવાનો એક પ્રયાસ હતો. તેમને લાગતું હતું કે અમેરિકા માત્ર ધમકીઓ આપી રહ્યું છે અને કોઈ નક્કર પગલાં નહીં ભરે.